પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૫૨, કુલ પાના:૪, તારીખ: ૨૧-૧૦-૨૦૨૦ બુધવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 52 PRICE :-RS. 1.50 DATE : 21-10-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## હવે મગજની નસોને નુકસાન પહોંચાડી રહ્યો છે કોરોના, એમ્સમાં મળ્યો પહેલો કેસ

ન્યુ દિલ્હી,

દુનિયાભરમાં ફેલાયેલું કોરોના વાયરસ સંક્રમણ હવે ફેફસાં ઉપરાંત શરીરના અન્ય હિસ્સાઓને પણ પ્રભાવિત કરીને હુમલા કરી રહ્યો છે. દિલ્હી સ્થિત ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ રિસર્ચમાં પહેલો કેસ નોંધવામાં આવ્યો છે, જેમાં કોરોના વાયરસના કારણે મગજની નસોને નુકસાન થયું છે. આવું ૧૧ વર્ષની બાળકી સાથે થયું છે. જેના કારણે તેને હવે ધૂંધળું દેખાઈ રહ્યું છે. એમ્સના ચાઈલ્ડ ન્યૂરોલોજી વિભાગના ડૉક્ટર હવે બાળકીના સ્વાસ્થ્ય પર એક વિસ્તૃત રિપોર્ટ કરી રહ્યા છે. તેને ટૂંક



સમયમાં જ પ્રકાશિત કરવામાં આવશે. ડૉક્ટરોના જણાવ્યા મુજબ, ૧૧ વર્ષની બાળકીના મગજમાં કોરોના વાયરસ સંક્રમણના કારણે એક્યૂટ ડિમાલિનેટિંગ સિન્ડ્રોમ હોવાનો મામલો સામે આવ્યો છે. બાળકોના ઉંમર સમૂહમાં આવો પહેલો મામલો છે.


મગજની જે નસને નુકસાન પહોંચ્યું છે તે માઈલિન નામની પ્રોટેક્ટિવ લેયર (બચાવ પડ)થી ઘેરાયેલી હોય છે. તે મગજથી શરીરના બીજા હિસ્સામાં સંદેશને સરળતાથી પહોંચાડવામાં મદદ કરે છે. હવે કોરોના વાયરસના કારણે એડીએસ હોવાથી માઈલિન નષ્ટ થઈ રહ્યા છે, બ્રેન સિગ્નલને નુકસાન પહોંચી રહ્યું છે. તેના કારણે ન્યૂરોલોજિકલ કે તંત્રિકા તંત્રની પ્રક્રિયાને પ્રભાવિત કરીને દૃષ્ટિ, સ્નાયુઓ, બ્લેડર વગેરેને નુકસાન પહોંચી શકે છે. એમ્સમાં ડિપાર્ટમેન્ટ ઓફ પેડિયાટ્રિક્સના ચાઈલ્ડ ન્યૂરો ડિવિઝનની પ્રમુખ ડૉ. શેફાલી ગુલાટીનું કહેવું છે કે, આ ૧૧ વર્ષની બાળકી અમારી પાસે નબળી નજરની ફરિયાદ બાદ આવી હતી. તેની એમઆઈઆર તપાસમાં જાણવા મળ્યું કે તેને એડીએસ છે. આ પહેલો કેસ હતો. જોકે હવે અમે જાણીએ છીએ કે કોરોના વાયરસ મગજ અને ફેફસાંને નુકસાન પહોંચાડે છે.

હવે અમે આ વિશે એક રિસર્ચ રિપોર્ટ પ્રકાશિત કરીશું. બીજી તરફ, ભારતવાસીઓ માટે કોરોનાને લઈ ૮૩ દિવસ બાદ થોડા રાહતના સમાચાર સામે આવી રહ્યા છે. દેશમાં ૮૩ દિવસ બાદ કોરોનાથી સંક્રમિત થનારા દર્દીઓની સંખ્યા ૫૦ હજારથી ઓછી નોંધાઈ છે જ્યારે મૃત્યુઆંકમાં પણ મોટો ઘટાડો નોંધાતા તે ૫૦૦ની નજીક આવી ગયો છે. નોંધનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી સંકેત આપ્યા છે કે ડિજિટલ હેલ્થ આઈડીનો ઉપયોગ વેક્સીનેશન સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવશે. 'ગ્રાન્ડ ચેલેન્જિસ'ની વાર્ષિક બેઠકને સંબોધિત કરતાં પોતાના ઉદ્ઘાટન ભાષણમાં ''એ કહ્યું કે કોવિડ સંક્રમણની વેક્સીન વિકસિત કરવાના મામલામાં અમે અગ્રિમ મોરચે છીએ અને તે પૈકી કેટલીક તો એડવાન્સ સ્ટેજ પર છે.

## કોરોના વેક્સીન મામલે ભારતના કદમના હુંએ કર્યા વખાણ અને માન્યો આભાર

ન્યુ દિલ્હી,

કોરોના મહામારી કાળમાં ભારતે અન્ય દેશોની સરખામણીએ મોટી સફળતા હાંસલ કરી છે. ભારતમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યામાં મૃતાંક અને લોકડાઉનના આકરા પાલન થી લઈને કોરોનાની રસી વિકસીત કરવામાં મહત્વની ભૂમિકા રહી છે. દુનિયા આખીએ ભારતની સકારાત્મક નોંધ લીધી છે. હું પણ ભારત પર આફરીન થયા છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન કોરોના



મહામારીમાં અગત્યની ભૂમિકા નિભાવી રહ્યું છે. ડબલ્યુએચઓના પ્રમુખ ટેડ્રોસ એડમનએ હિન્દીમાં ટ્વિટ કરીને ભારતનો આભાર વ્યક્ત કર્યો છે. કોરોના વેક્સીન મળવાને અને તેના વિતરણ સાથે સંકળાયેલા મુદ્દે ડબલ્યુએચઓના પ્રમુખે ભારતના વખાણ કર્યા છે. ડબલ્યુએચઓના પ્રમુખે કહ્યું હતું કે, "ધન્યવાદ! ભારત અને દક્ષિણ આફ્રિકા.

બૌદ્ધિક સંપદાના મુદ્દે કોરોનાના સંદર્ભમાં પુનર્વિચારની ભલામણ કરવા માટેપજેથી કરીને વેક્સીન, દવા વગેરે ઓછા ભાવે પુરી પાડી કરાવી શકાય. આ એક પ્રશંસનીય પગલું છે. ઓક્ટોબરની શરૂઆતમાં ભારતે વિશ્વ વ્યાપાર સંગઠનને કહ્યું હતું કે, વિકાસશીલ

(અનુ.પાના.નં.૩)

## દેશમાં કોરોનાથી કુલ સંક્રમિતોની સંખ્યા ૭૬ લાખની નજીક

ન્યુ દિલ્હી,

ભારતવાસીઓ માટે કોરોનાને લઈ ૮૩ દિવસ બાદ થોડા રાહતના સમાચાર સામે આવી રહ્યા છે. દેશમાં ૮૩ દિવસ બાદ કોરોનાથી સંક્રમિત થનારા દર્દીઓની સંખ્યા ૫૦ હજારથી ઓછી નોંધાઈ છે જ્યારે મૃત્યુઆંકમાં પણ મોટો ઘટાડો નોંધાતા તે ૫૦૦ની નજીક આવી ગયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૪૬૭૯૧ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૫૮૭ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૭૫,૯૭,૦૬૪ થઈ ગઈ છે. વિશેષમાં, ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૬૭ લાખ ૩૩ હજાર ૩૨૯ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. હાલ ૭,૪૮,૫૩૮ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૧૫,૧૯૭ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. નોંધનીય છે કે,

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૧૯ ઓક્ટોબર સુધીમાં ભારતમાં કુલ ૯,૬૧,૧૬,૭૭૧ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, સોમવારના ૨૪ કલાકમાં



### ૨૪ કલાકમાં કોરોનાના મળ્યા નવા ૪૬૭૯૧ કેસ, ૫૦૦થી વધુ દર્દીનાં મોત

૧૦,૩૨,૭૯૫ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ગુજરાતની વાત કરીએ તો, ૧૯મી ઑક્ટોબરે કોરોના વાયરસના ૯૯૬ નવા કેસ પોઝિટિવ નોંધાયા છે, જ્યારે ૧૧૪૭ દર્દીઓ સાજા થતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. ૨૪ કલાક દરમિયાન રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં કોરોના વાયરસના ૮ દર્દીનાં મોત થયા છે. દરમિયાન રાજ્યમાં પોઝિટિવ કેસનો આંકડો ૧,૬૦,૭૨૨એ પહોંચી ગયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ દેશમાં કોરોનાથી જે સૌથી વધુ પ્રભાવિત છે તેવા પાંચ રાજ્યો મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, આંધ્ર પ્રદેશ અને તામિલનાડુમાંથી સારા સમાચાર આવ્યા છે. આ રાજ્યોમાંથી રોજેરોજ આવતા કેસનો ટ્રેન્ડ જોઈએ તો ખબર પડે છે કે એક્ટિવ કેસોની સંખ્યા ઘટી રહી છે. જે ભારતમાં એક્ટિવ કેસમાં સતત ઘટાડો દર્શાવે છે. કારણ કે સતત ૩ દિવસથી એક્ટિવ કેસ ૮ લાખથી નીચે છે. કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રી હર્ષવર્ધને કહ્યું કે કોરોના વાયરસનું સામુદાયિક સ્તરે સંક્રમણ કેટલાક રાજ્યોના કેટલાક જિલ્લાઓમાં સિમિત છે અને આવું આખા દેશમાં થઈ રહ્યું નથી.

હર્ષવર્ધને સંડે સંવાદના છઠ્ઠા એપિસોડમાં પોતાના સોશિયલ મીડિયા ફોલોઅર્સ સાથે વાતચીતમાં આ વાત કરી. તેઓ એક પ્રતિભાગીના સવાલનો જવાબ આપી રહ્યા હતા. જેણે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીના નિવેદનનો ઉલ્લેખ કર્યો કે તેમના રાજ્યમાં સામુદાયિક સંક્રમણના કેસ સામે આવી રહ્યા છે. હર્ષવર્ધને કહ્યું કે, "પશ્ચિમ બંગાળ સહિત અનેક રાજ્યોના વિભિન્ન ભાગમાં અને ખાસ કરીને ગાઢ વસ્તીવાળા વિસ્તારોમાં કોવિડ-૧૯નું સામુદાયિક સંક્રમણ થઈ શકે છે. તેમણે કહ્યું કે જો કે, "દેશભરમાં આવું થઈ રહ્યું નથી. સામુદાયિક સંક્રમણ કેટલાક રાજ્યોના કેટલાક જિલ્લાઓ સુધી સિમિત છે." કેન્દ્ર સરકારે હજુ સુધી દેશમાં કોરોના વાયસના સામુદાયિક સંક્રમણની વાતનો ઈંકાર કર્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના અધિકારીઓનું કહેવું છે કે વિશ્વ આરોગ્ય સંગઠન (WHO)એ સામુદાયિક સંક્રમણની કોઈ વ્યાખ્યા આપી નથી.

## ફી ઘટાડા મુદ્દે હવે કોલેજોના સંચાલકોને પણ મનાવવા પડે તેવી સ્થિતિ

અમદાવાદ,

ફી ઘટાડા મુદ્દે સરકારે સ્કૂલો બાદ હવે કોલેજોના સંચાલકોને પણ મનાવવા પડે તેવી સ્થિતિ છે. હાઈકોર્ટની સૂચનાથી સરકારે ફી કમિટીને સંચાલકો સાથે બેઠક કરી તેમનો અભિપ્રાય લેવાની કામગીરી તો સોંપી દીધી પરંતુ કોલેજો સંચાલકો ફી ઘટાડા માટે માન્યા નથી દરખાસ્ત સ્વીકારી નથી. સરકાર માટે તો ખરેખર હાથના કર્યા હૈયે વાગ્યા જેવો ઘાટ છે કારણકે સરકારે શિક્ષણમાં ખાનગીકરણ વધારતા જ્યાં નવી નવી ખાનગી સ્કૂલો-કોલેજોને બેફામ મંજૂરીઓ આપી છે ત્યારે હવે એ જ સ્કૂલ-કોલેજો સરકારને ગાંઠતા નથી. ગુજરાતમાં આવેલી ખાનગી ટેકનિકલ કોલેજો-યુનિ.ઓ અને અન્ય વોકેશનલ કોલેજો તેમજ યુનિ.ઓમાં ફી ઘટાડાને લઈને હાઈકોર્ટમાં થયેલી પીઆઈએલમાં હાઈકોર્ટે સરકારને સંચાલકોને પણ સાંભળવા સૂચના આપી છે. જેના પગલે સરકારે ટેકનિકલ ફી કમિટીને સંચાલકોને સાંભળવા જવાબદારી આપી હતી.

ફી કમિટીએ તમામ કોલેજ સંચાલક મંડળો તથા યુનિ.ઓના મેનેજમેન્ટને સાંભળ્યા બાદ હવે થોડા જ દિવસમાં ફી કમિટી સરકારને રિપોર્ટ આપશે. આ ઉપરાંત ખાનગી વોકેશનલ કોલેજો-યુનિ.માટે સરકારે હંગામી ફી કમિટી રચી છે અને આ કમિટી પણ થોડા દિવસમાં સરકારને રિપોર્ટ આપશે. ત્યારબાદ સરકાર હાઈકોર્ટમાં રિપોર્ટ રજૂ કરશે અને બીજી બાજુ ટેકનિકલ કોલેજ સંચાલક મંડળ પણ હાઈકોર્ટમાં ચાલી રહેલા કેસમાં પક્ષકાર તરીકે જોડાયા છે. ટેકનિકલ કોલેજો અને યુનિ.ઓના સંચાલકો ફી ઘટાડાવા તૈયાર નથી. સરકાર તરફથી અગાઉ ફી કમિટીએ સંચાલક મંડળો સમક્ષ ફી ઘટાડાનો પ્રસ્તાવ મુક્યો હતો પરંતુ ખર્ચાઓ અને અગાઉ ન

(અનુ.પાના.નં.૩)




પંચમહાલ સમાચાર
દ્વારા આયોજીત
ગરબા મહોત્સવ
કોરોના કાળમાં ઘરે બેઠા કરો
PMS NEWS સાથે ગરબાની ઉજવણી.
– ગરબાના વિવિધ સ્ટેપ સાથેનો ૨ મિનિટનો વિડીયો મોકલી જીતો વિવિધ ઈનામો.
– ગરબાનો વિડીયો તા.૧૭/૧૦/૨૦૨૦ થી ૨૫/૧૦/૨૦૨૦ માં મોકલવાનો રહેશે.
– મોકલેલ વિડીયોમાં સૌથી વધુ દર્શકો ધરાવનાર વિડીયોને મળશે પ્રથમ ઈનામ.
– ઘરે બેઠા ગરબા રસીકોને ઈનામો જીતવાની સોનેરી તક.
– PMS NEWS દ્વારા ઈનામો આપવામાં આવશે.
૧. પ્રથમ ઈનામ - ૫૦૦૧/-
૨. દ્વિતિય ઈનામ - ૩૦૦૧/-
૩. તૃતિય ઈનામ - ૨૦૦૧/-
વિજેતાના નામ તા.૩૧/૧૦/૨૦૨૦ શરદપૂનમ ના દિવસે રાત્રે ૮:૦૦ કલાકે જાહેર થશે.
આપનો વિડીયો આ Whatss app નંબર ઉપર મોકલો ૯૦૫૪૪૨૫૧૦૦.
નોંધ : વિડીયો મોકલનારનું નામ, શહેર અને જીલ્લો લખીને મોકલાવો.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
મોં પર માસ્ક પહેરવાનું રાખો.
સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.
પટેલ આરતસિંહ એમ.
મુ. ઉધાવાળા, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
મોં પર માસ્ક પહેરવાનું રાખો.
સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.
કોળી પ્રવીણસિંહ ફતેસિંહ
મુ. અંતેલા, તા. દે.બારીઆ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૦૨ પોઝિટિવ કેસ નોંધાયા




લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી અને લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોના ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૦-૧૦-૨૦૨૦ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૨૩૪ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાલમાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાના ૦૧ સ્ત્રીત અને ૨ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લાપમાં અત્યાર સુધીમાં કુલ ૧૧૨૨ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૪ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૨ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૬૪૭૦૮ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૯૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૩ દર્દી કે.એસ.પી હોસ્પિટલ બાલાસિનોર, ૦૮ દર્દી ડીસ્ટ્રીકિટ હોસ્પિટલ, લુણાવાડા, ૩૪ દર્દી હોમ આઇસોલેશન, ૧૦ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૦૧ દર્દી જીઉઇ સંતરામપુર અને ૦૪ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૬૬ દર્દીઓ સ્ટેબલ, ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

## ગોધરાના હરકુંડી ગામે ૪૫ વર્ષિય યુવાન આકસ્મિક રીતે કુવામાં પડી જતા મોત

ગોધરા, ગોધરા તાલુકાના હરકુંડી નવાપુરા ફળિયામાં રહેતા ૪૫ વર્ષિય યુવાન કુવામાં આકસ્મિક રીતે પડી જતા ડુબી જવાથી મોત નીપજવા પામ્યુ હતુ.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ગોધરા તાલુકાના હરકુંડી ગામે નવાપુરા ફળિયામાં રહેતા અશ્વિનભાઈ કનુભાઈ ઝાલા(ઉ.વ.૪૫)આકસ્મિક રીતે કુવામાં પડી જતા ડુબી જવાથી મોત નીપજયું હતુ. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

# મહીસાગર જિલ્લાના લાલસર ખાતે શિક્ષણ વિભાગ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પમાં ૯૩ યુનિટ રક્ત એકત્ર કરાયું



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, રાજયના શિક્ષણ વિભાગ પ્રેરિત મહીસાગર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે ગાયત્રી સ્કૂભલ, લાલસર ખાતે ત્રીજા તબક્કાના બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન રાજયના શિક્ષણ સચિવ ડો. વિનોદ રાવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિરમાં ૯૩ યુનિટ બ્લડ એકત્ર કરવામાં આવ્યું.

કલેક્ટર આર.બી. બારડે કોવિડ-૧૯ જનઆંદોલન અભિયાન અંતર્ગત જનજનમાં લોકજાગૃતિ આવે અને કોરોના સંક્રમણને અટકાવવા માટે સમાજના તમામ લોકો માસ્ક પહેરે, વારંવાર સાબુથી હાથ ધોવે, સેનેટાઇઝરનો ઉપયોગ કરે અને ૬ ફૂટના અંતરનું પાલન કરે તે માટેનો સંદેશો સમાજના ઘર-ઘર સુધી પહોંચાડવા અંગેનો સંદેશો શિક્ષકોને પાઠવ્યોર હતો.

જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ કોરોના વાયરસની આ મહામારી વચ્ચે શિક્ષકોએ કરેલ કામગીરીને બિરદાવી શિક્ષણ વિભાગ દ્વારા કોરોના વાયરસની મહામારી વચ્ચેમ જરૂરિયાતમંદ લોકોને સમયસર રક્ત મળી રહે તે માટે રક્તદાન કેમ્પોના કરવામાં આવેલ આયોજનને બિરદાવી રકતદાતા શિક્ષકોને અભિનંદન પાઠવ્યાર હતા. શિક્ષણ વિભાગના ઉપક્રમે યોજાયેલ ત્રણ રક્તદાન કેમ્પા દરમિયાન ૩૨૫ યુનિટ રક્તનું દાન જિલ્લીના શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું.

આ ત્રણેય બ્લડ ડોનેશન કેમ્પતમાં મોટી સંખ્યાનમાં જિલ્લાટના શિક્ષકોને ભાગ લેવા બદલ મહીસાગર જિલ્લાં શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તેમજ શિક્ષણ વિભાગ દ્વારા આભાર સહ અભિનંદન પાઠવવામાં આવ્યાભ હતા.

આ ત્રણેય રક્તદાન કેમ્પ દરમિયાન ગુજરાત આચાર્ય સંઘના પ્રમુખ જે.પી.પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વાય.એચ.પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી પી.એન.મોદી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ શશિકાંતભાઇ પટેલ, જિલ્લા માધ્યમિક શિક્ષણ સંઘના પ્રમુખ મહેશભાઇ પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીના કે.એમ.પટેલ, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના જે.એસ.પટેલ સહિત શિક્ષકો ઉપસ્થિત રહીને શિક્ષકોને પ્રોત્સાચહિત કર્યા હતા.

## સૈનિક સ્કૂલોમાં હવે છોકરીઓને પણ પ્રવેશ મળશે

લુણાવાડા, સંરક્ષણ સહિત વિવિધ ક્ષેત્રોમાં મહિલા સશક્તિકરણમાં સરકારના પ્રયત્નોની સાથોસાથ સંરક્ષણ મંત્રાલયે સત્ર ૨૦૨૧-૨૨ના સત્રથી છોકરીઓ માટે સૈનિક શાળાઓમાં પ્રવેશ આપવાનો મહત્વનો નિર્ણય લીધો છે.

સૈનિક સ્કૂલ બાલાચડી, જામનગર પણ આગામી શૈક્ષણિક સત્રથી છઠ્ઠા ધોરણમાં છોકરીઓને પ્રવેશ આપવાની તૈયારી કરી રહી છે. કુલ ખાલી જગ્યાના દસ ટકા અથવા ઓછામાં ઓછી દસ જગ્યા પૈકી જે વધારે હશે તે છોકરીઓ માટે અનામત રહેશે.

છોકરીઓ માટે સ્કૂલે એક વિશેષ છાત્રાલય રાખેલ છે અને તેમના માટે અન્ય જરૂરી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. અભ્યાસની સાથે છોકરીઓને લશ્કરી તાલીમ પણ તે જ રીતે આપવામાં આવશે, જે રીતે છોકરાઓને લશ્કરી અધિકારી બનાવવા માટે આપવામાં આવે છે. આ વર્ષે પ્રથમ વખત નેશનલ ટેસ્ટીંગ એજન્સી સૈનિક સ્કૂલ માટેની પ્રવેશ પરીક્ષા યોજી રહી છે. આગામી શૈક્ષણિક સત્ર માટેની પ્રવેશ પરીક્ષાના ફોર્મ તારીખ ૨૦ ઓક્ટોબર ૨૦૨૦ થી ૧૯ નવેમ્બર ૨૦૨૦ દરમિયાન ઓનલાઈન ભરાશે. પ્રવેશ પરીક્ષા ૧૦ જાન્યુઆરી ૨૦૨૧ (રવિવાર)ના રોજ યોજાશે. પ્રવેશ પ્રક્રિયા વિશેની સંપૂર્ણ જાણકારી www.nta.ac.inપર મેળવી શકાશે અને રસ ધરાવતા ઉમેદવારો https://aissee.nta.nic.ac.in ઉપર ઓનલાઈન અરજી કરી શકશે. આ વર્ષે સૈનિક સ્કૂલ બાલાચડીમાં છોકરીઓ અને છોકરાઓ માટે પ્રવેશ માત્ર છઠ્ઠા ધોરણમાંજ મળશે, નવમા ધોરણમાં નહીં મળે.

# મા દુર્ગાનુ પાંચમુ રૂપ સ્કંદમાતા - એક પૂજાથી મળશે બેવડો લાભ

નવરાત્રિના પાંચમા દિવસે નવદુર્ગાના પંચમ સ્વરૂપ દેવી સ્કંદમાતાનુ પૂજન કરવામાં આવે છે. આ બુધ ગ્રહ પર પોતાનુ આધિપત્ય રાખે છે. સ્કંદમાતાનું સ્વરૂપ એ મહિલા કે પુરૂષનુ છે જે માતા પિતા બનીને પોતાના બાળકોનુ લાલન પોષણ કરે છે. તેમનુ પૂજન કરવાથી ભગવાન કાર્તિકેયના પૂજનનો પણ લાભ પ્રાપ્ત થાય છે. દુર્ગાજીના પાંચમાં સ્વરૂપને સ્કંદમાતાના નામથી ઓળખવામાં આવે છે. તેમની ઉપાસના નવરાત્રિ-પૂજાના પાંચમા દિવસે કરવામાં આવે છે. આ દિવસે સાધકનું મન 'વિશુધ્ધ' ચક્રમાં અવસ્થિત થાય છે. તેમના વિગ્રહમાં ભગવાન સ્કંદજી બાળરૂપમાં તેમના ખોળામાં બેસેલા હોય છે. ભગવાન સ્કંદ 'કુમાર કાર્તિકેય' ના નામે પણ ઓળખાય છે. આ પ્રસિધ્ધ દેવાસુર સંગ્રામમાં દેવતાઓના સેનાપતિ બન્યા હતા. પુરાણોમાં તેમને કુમાર અને શક્તિ કહીને તેમની મહિમાનું વર્ણન કરવામા આવ્યું છે. આ જ ભગવાન સ્કંદની માતા હોવાને કારણે માઁ દુર્ગાજી આ સ્વરૂપને સ્કંદમાતાના નામથી ઓળખવામાં આવે છે.

સ્કંદમાતાના ચાર હાથ હોય છે. તેમના જમણા હાથમા નીચેનો હાથ જે ઉપરની તરફ ઉઠેલો છે તેમાં કમળનું ફૂલ છે. ડાબા તરફના ઉપરનો હાથ આશીર્વાદ મુદ્રામાં અને નીચેનો હાથ જે ઉપરની બાજુ ઉઠેલો છે તેમાં પણ કમળનુ ફૂલ છે. તેમનું રંગ સંપૂર્ણ ગોરો છે. આ કમળના આસન પર વિરાજેલા રહે છે. તે જ કારણે તેમને પદમાસના દેવી પણ કહે છે. તેમનુ વાહન સિંહ પણ છે. નવરાત્રિ-પૂજનના પાંચમાં દિવસનું શાસ્ત્રોમાં ખૂબ મહત્વ બતાવવામાં આવ્યું છે. આ ચક્રમાં અવસ્થિત મનવાળા સાધકોની સમસ્ત બાહ્ય ક્રિયાઓ અને ચિત્તવૃતિયોનો લોપ થઈ જાય છે. સાધકનું મન બધી લૌકિક, સંસારિક, બંધનોમાંથી મુક્ત થઈને સ્કંદમાતાના સ્વરૂપમાં પૂરી રીતે તલ્લીન થઈ જાય છે. આ સમયે સાધકે પૂરી સાવધાનીની સાથે ઉપાસનાની તરફ અગ્રેસર રહેવું જોઈએ. તેમણે પોતાની બધી ધ્યાન-

પ્રવૃત્તિયોને એકાગ્ર રાખી સાધના ના રસ્તે આગળ વધવું જોઈએ. માઁ સ્કંદમાતાની ઉપાસના થી ભક્તની બધી ઈચ્છાઓ પૂરી થાય છે. આ મૃત્યુલોકમાં જ તેને પરમ શાંતિ અને સુખનો અનુભવ થવા માંડે છે. તેને માટે મોક્ષનો દરવાજો ખુલી જાય છે. સ્કંદમાતાની ઉપાસનાથી બાળસ્વરૂપ સ્કંદ ભગવાનની ઉપાસના પણ આપમેળે થઈ જાય છે. આ વિશેષતા ફક્ત આમને જ મળી છે. આ માતાનું પૂજન-અર્ચન કરવાથી બધા મનોરથ સિધ્ધ થાય છે. અને પરિવારમાં સુખ, શાંતિની સ્થાપના થાય છે. પુત્ર-સંતાનની ઈચ્છા ધરાવનારને તે પણ થાય છે. સૂર્ય મંડળની અધિષ્ઠાત્રી દેવી હોવાને કારણે તેમનો ઉપાસક અલૌકિક તેજ અને ક્રાંતિથી સંપન્ન થઈ જાય છે. એક અલૌકિક પ્રભામંડળ અદ્રશ્ય રીતે હંમેશા તેની આસપાસ ફરતું રહે છે. આપણે એકાગ્રભાવથી મનને પવિત્ર રાખીને માઁની શરણમાં જવું જોઈએ. આ ભવસાગરના દુ:ખોથી મુક્તિ મેળવી મોક્ષનો માર્ગ સરળ બનાવવા આનાથી ઉત્તમ ઉપાય બીજો કોઈ નથી.

## કડાણાના સંઘરી પંચાયતના સરપંચ દ્વારા યોજનાઓમાં ભ્રષ્ટાચાર કરતા સરપંચ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત લવાઈ

દિવડાકોલોની, કડાણા તાલુકાની સંઘરી ગ્રામ પંચાયતમાં સરપંચ-તલાટી તેમજ એસ.ઓ.દ્વારા સરકારી વિવિધ વિકાસલક્ષી યોજનાઓ પેટે કામોમાં લાખો રૂપિયાની ગેરરિતી આચરી ભ્રષ્ટાચાર કર્યાના આક્ષેપો સાથે ૨ વર્ષમાં સભ્યોને વિશ્વાસમાં લીધા વિના ૧૪માં નાણાંપચંનો ગેરવહીવટ કરાતા સભ્યો દ્વારા અવિશ્વાસનો પ્રસ્તાવ રજુ કરાયો હતો. કડાણા તાલુકા પંચાયત હસ્તકની સંઘરી ગ્રામ પંચાયતમાં તલાટી સરપંચ અને બાંધકામ શાખાના અ.મ.ઈ.(એસ.ઓ.)દ્વારા સુજબુવ દાખવી સરકારની વિવિધ યોજનાઓમાં મોટાપાયે ભ્રષ્ટાચાર આચર્યો હોવાનુ પંચાયતના ડે.સરપંચ તેમજ સભ્યો દ્વારા દયાને આવતા સરપંચ વિરુદ્ધ અવિશ્વાસનો પ્રસ્તાવ રજુ કરવામાં આવ્યો હતો. સંઘરી ગ્રામ પંચાયતમાં મનરેગા, એ.ટી.વી.ટી., ૧૪માં નાણાંપંચ, એમ.પી.એમ.એલ.એ જોગવાઈ જેવી વિવિધ યોજનાઓ પેટે સરકાર દ્વારા વિકાસના કામો માટે લાખો રૂપિયા ફાળવાયા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૯૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૨૧-૧૦-૨૦૨૦, બુધવાર, આસો સુદ-૫, સૂર્યોદય-૬-૪૬, સૂર્યાસ્ત-૬-૧૬, જૈન નવકારશી-૭-૩૪, આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ મૂળ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | -શુભ ચોઘડીયા-<br>૬-૪૭થી લાભ-અમૃત-૯-૩૯ સુધી, ૧૧-૦૫થી શુભ-૧૨-૩૧ સુધી, ૧૫-૨૩ થી ચલ-લાભ-૧૮-૧૬ સુધી, ૧૯-૫૦ થી શુભ-અમૃત-ચલ-૨૪-૩૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૬-૪૭થી ૮-૪૨ સુધી, ૯-૩૯થી ૧૦-૩૬ સુધી, ૧૨-૩૧ થી ૧૫-૨૩ સુધી, ૧૬-૨૧થી ૧૭-૧૮ સુધી |

### વડાપ્રધાન મોદીની રાષ્ટ્રજોગ સંબોધનમાં કોરોનાને લઈ લોકોને અપીલ

# જ્યાં સુધી દવા નહીં, ત્યાં સુધી ઢીલ નહીં

**લોકડાઉન ભલે ચાલી ગયું હોય, વાયરસ ગયો નથી, ગાઈડલાઈનનું પાલન કરો, કોરોના વેક્સિનને લઈને કહ્યું- ભારતમાં કામ પુરજોશમાં ચાલી રહ્યું છે, જ્યારે પણ વેક્સિન આવશે દેશવાસીઓ સુધી ઝડપથી પહોંચાડાશે.**



ન્યુ દિલ્હી, કોરોનાકાળમાં આપણા દેશના પીએમ મોદી આજે દેશના ૭મી વખસ સંબોધન કરી રહ્યા છે. પીએમ મોદી દેશવાસીઓને હજુપણ સાવધાની રાખવાની સલાહ આપી રહ્યા છે. વડાપ્રધાનનું કહેવુ છે કે, સમય સાથે આર્થિક ગતિવિધઓમાં તેજી આવી રહી છે. આપણામાંથી મોટાભાગના લોકો પોતાની જવાબદારી નિભાવવા, ગતિ આપવા રોજ ઘરની બહાર નીકળી રહ્યા છે. તહેવારોની આ મોસમમાં બજારમાં ધીમે ધીમે રોનક પાછી આવી રહી છે. પરંતુ આપણે આ ભૂલવાનું નથી. લોકડાઉન ભલે ચાલી ગયું હોય, વાયરસ ગયો નથી. છેલ્લા ૭-૮ મહિનામાં દરેક ભારતીયોના પ્રયાસથી આ સ્થિતિમાં પહોંચ્યા છે. એને બગડવા નથી દેવાની. તેને સુધારવાની છે. આજે દેશમાં રિકવરી રેટ સારો છે. ભારત કરતાં બ્રાઝીલ અને અમેરિકામાં આંક ૨૫ હજાર છે. ભારતમાં પ્રતિ ૧૦ લાખમાં મૃત્યુદર ૮૩ છે. બ્રિટન સહિતના અનેક દેશોમાં આ આંક ૬૦૦થી વધારે છે. દુનિયાના સાધન સંપન્ન દેશોની તુલનામાં ભારત પોતાના વધારેમાં વધારે લોકોનું જીવન બચાવવામાં સક્ષમ બન્યો છે. આજે દેશમાં કોરોના દર્દીઓના માટે ૯૦ લાખથી વધુ પથારીની સુવિધા ઉપલબ્ધ ચે. ૧૨ હજાર કોરોન્ટાઈન્ટ સેન્ટર છે. ૨૦૦ હજાર લેબ કામ કરી રહી છે. દેશમાં ટેસ્ટની સંખ્યા ૧૦ કરોડના આંકને પાર કરી જશે. કોવિડ મહામારી વિરુદ્ધ આપણી મોટી તાકાત રહી છે.

સેવા પરમો ધર્મને મંત્રને ચરિતાર્થ કરતા ડોક્ટર, નર્સીસસ હતિ સેવા કરનારાઓ નિસ્વાર્થ સેવા કરી રહ્યા છે. પીએમ મોદીનું કહેવુ છે કે, આ સમય લાપરવાહીનો નથી. આ સમય એવું માની લેવાનો નથી કે કોરોના ચાલ્યો ગયો. અથવા પછી હવે કોરોનાથી કોઈ ભય નથી. હાલના દિવસોમાં આપણે બધાએ ખૂબજ ફોટાઓ અને વિડિયો જોયા છે. તેમાં જોવા મળે છે. જેની અસાવધાની રાખી છે. આ બરાબર નથી. જો તમે લાપરવાહ વર્તી રહ્યા છો. માસ્ક વિના ફરી રહ્યા છો તો તમે તમારી જાતને, પરિવારને, બાળકોને વૃદ્ધોને એટલા જમોટા સંકટમાં નાંખી રહ્યા છો. સમય સાથે આર્થિક પ્રવૃત્તિઓ પણ ઝડપથી વધી રહી છે. આપણામાંના મોટા ભાગના લોકો આપણી જવાબદારીઓ નિભાવવા, જીવનને ફરીથી ગતિ આપવા માટે દરરોજ ઘરની બહાર નીકળી રહ્યા છે. તહેવારોની આ સીઝન ધીરે ધીરે બજારોમાં પણ ફરી રહી છે.

પીએમ મોદીનું કહેવુ છે કે, આ સમય લાપરવાહીનો નથી. આ સમય એવું માની લેવાનો નથી કે કોરોના ચાલ્યો ગયો. અથવા પછી હવે કોરોનાથી કોઈ ભય નથી. હાલના દિવસોમાં આપણે બધાએ ખૂબજ ફોટાઓ અને વિડિયો જોયા છે. તેમાં જોવા મળે છે. જેની અસાવધાની રાખી છે. આ બરાબર નથી. જો તમે લાપરવાહ વર્તી રહ્યા છો. માસ્ક વિના ફરી રહ્યા છો તો તમે તમારી જાતને, પરિવારને, બાળકોને વૃદ્ધોને એટલા જમોટા સંકટમાં નાંખી રહ્યા છો. આ સમય લાપરવાહીનો નથી. આ સમય એવું માની લેવાનો નથી કે કોરોના ચાલ્યો ગયો. અથવા પછી હવે કોરોનાથી કોઈ ભય નથી. હાલના દિવસોમાં આપણે બધાએ ખૂબજ ફોટાઓ અને વિડિયો જોયા છે. તેમાં જોવા મળે છે. જેની અસાવધાની રાખી છે. આ બરાબર નથી. જો તમે લાપરવાહ વર્તી રહ્યા છો. માસ્ક વિના ફરી રહ્યા છો તો તમે તમારી જાતને, પરિવારને, બાળકોને વૃદ્ધોને એટલા જમોટા સંકટમાં નાંખી રહ્યા છો.

# રૂપાણી સરકારે ખેડૂતોને દિવસે વીજળી આપવાનો કર્યો નિર્ણય



વડોદરા, જે માગને લઈને ખેડૂતો લાંબા સમયથી સરકાર પાસે રજૂઆત કરી રહ્યા હતા તે માગને આખરે સરકારે પુરી કરી છે. ગુજરાત સરકારે ખેડૂતોને દિવસે વીજળી આપવાનો નિર્ણય લીધો છે. આ અંગેની માહિતી ઉર્જામંત્રી સૌરભ પટેલે આપી હતી. નોંધનીય છે કે રાત્રી દરમિયાન વીજળી આવતી હોવાથી જે વિસ્તારમાં જંગલી જાનવરોનો ખતરો છે તેમને મોટી રાહત મળશે.આ સુવિધાનો રાજયના ૧૭.૨૫ લાખ ખેડૂતોને લાભ મળશે.તો બીજી તરફ કિસાન સર્વોદય યોજનાનુ PM ઉદ્ઘાટન કરશે. રાજયના ૧૭.૨૫ લાખ ખેડૂતોને દિવસે વીજળી મળશે. બે કે ત્રણ વર્ષમાં યોજનાની કામગીરી પૂર્ણ થશે. આગામી ૨૪ તારીખે કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ પીએમ મોદી દ્વારા કરવામાં આવશે.

તો હાલમાં પાયલોટ પ્રોજેકટ જૂનાગઢ જિલ્લામાં શરૂ કરવામાં આવશે. જંગલ વિસ્તાર હોવાથી આ જિલ્લાને પ્રાધાન્ય આપવામાં આવ્યું હોવાનું જણાવવામાં આવ્યું છે. હાલમાં જૂનાગઢ જિલ્લાના ૨૨૦ ગામને આ યોજનાનો લાભ આપવામાં આવશે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન સૌરભ પટેલે જણાવ્યું સવારે ૫થી સાંજે ૯ વાગ્યા સુધી વીજળી આપવામાં આવશે. નોંધનિય છે કે દિવસે વીજળી માટે ૧૧ થી ૧૩ હજાર મેગા વોટ વીજળીની જરૂર પડે છે. આ સુવિધાનો લાભ જૂનાગઢના ૨૨૦ ગામોને મળશે. તો બીજી તરફ ગીર સોમનાથના ૧૪૩ ગામ અને દાહોદના ૬૯૨ ગામોને દિવસે વીજળી આપશે. ખેડૂતોને દિવસે વીજળી આપવાનું માળખું ઉભું કરતા ૩ વર્ષ જેટલો સમય લાગશે. કિસાન સૂર્યોદય યોજના માટે સરકારે નવું માળખું ઉભુ કરવાનું છે. આ અંગે ગુજરાત સરકારે ૨૦૨૦-૨૧ના બજેટમાં ૩૫૦૦ કરોડની જોગવાઈ કરી છે.

૩૫૦૦ કરોડ રૂપિયા આગામી ૩ વર્ષમાં ખર્ચ કરીને માળખું બનાવવાનું છે. આ યોજનાને લાગુ કરવા માટે ૨૨૦ કેવી ટ્રાન્સમિશનની ૨૦ લાઈનો સરકારે નવી નાખવી પડશે. ૧૩૨ કેવી ટ્રાન્સમિશનની ૧ લાઈન નવી નાખે પછી કામ આગળ વધશે. ૬૬ કેવી ટ્રાન્સમિશનની રાજ્યમાં ૨૩૩ લાઈનો નાખવી પડે તેમ છે. હાલમાં સરકાર ૬૦૦૦ થી ૬૫૦૦ મેગા વોટ વીજળી આપવામાં આવી રહી છે. જે આગામી સમયમાં ૧૧૦૦૦ મેગા વોટ વિજળી આપવામાં આવશે. જે માટે હવે ૨૨૦ કેવીના સબ ટેશન બનાવવામાં આવશે. આગામી ૨ વર્ષમાં રાજ્યના તમામ ખેડૂતોને આ યોજનાનો લાભ મળશે પહેલા ફેઈઝમાં દાહોદ જિલ્લાને સમાવવામાં આવશે. જેના ૬૯૨ ગામડાને લાભ આપવામાં આવશે.

## દૈનિક રાશીફળ

તા.૨૧.૧૦.૨૦૨૦ બુધવાર

મેષ (અ.લ.ઈ.) :- જમીન - મકાન વાહનયોગ, આવકનું પ્રમાણ જળવાઈ રહે. ધંધાકીય શુભ સમય રહે.
વૃષભ (બ.વ.ઉ.) :- સટ્ટાકીય બાબતોમાં સંભાળવું વડીલોનું માર્ગદર્શન મળી રહે. માનસિક ચિંતા હલવી બને.
મિથુન (ક.છ.ઘ.) :- વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય. કુટુંબ સુક જળવાઈ રહે. માનસિક ચિંતા હળવી.
કર્ક (ડ.હ.) :- નોકરીમાં બદલી-બઢતીની શક્યતા રહે. નાણાંકીય સ્થિતિ મજબૂત બને. આરોગ્ય સુખાકારી સારી રહે.
સિંહ (મ.ટ.) :- પરદેશ સંબંધી શુભ સમાચાર મળે. સંતાનસુખ ઉત્તમ. વિવાદો સંબંધી પ્રશ્નો હલ થાય. વારસાગત મિલકતના પ્રશ્નો હલ થાય.
કન્યા (પ.ઠ.ણ.) :- જમીન, વાહન, મકાનના યોગ બને. સમય સુભ ફળદાયી બને. અભ્યાસમાં પ્રગતિ.
તુલા (ર.ત.) :- પરદેશથી સુભ સમાચાર મળે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. આકસ્મિક ધન લાભ થાય.
વૃશ્ચિક (ન.ય.) :- કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થાય. મિત્રોના સહકાર મળી રહે.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- ઈષ્ટદેવની ઉપાસનાથી રાહત થાય. ધાર્મિક પ્રવાસ થાય. કુટુંબસુખ મળે. પરદેશથી શુભ સમાચાર મળે.
મકર (ખ.જ.) :- રાજકીય ક્ષેત્રે જવાબદારીમાં વધારો થાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નિવડે.
કુંભ (ગ.શ.સ.) :- નોકરિયાતને ઉપરી અધિકારીનું માર્ગદર્શન મળી રહે. આરોગ્યની સારસંભાળ રાખવી.
મીન (દ.ચ.ઝ.) :- બુદ્ધિ-વિવેકથી કાર્યસિદ્ધ થાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી બને. શેરબજારમાં લાભ થાય.

# નેહરૂ યુવા કેન્દ્રના યુવાનોને દાહોદના ગામોમાં કોરોના સંદર્ભે સઘન લોકજાગૃતિ ઝુંબેશ ચલાવવા આહ્વાન કરતા કલેક્ટર


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના નેહરૂ યુવા કેન્દ્ર દ્વારા વાર્ષિક આયોજન સંદર્ભે જિલ્લા સલાહકાર સમિતિની બેઠક કલેક્ટર વિજય ખરાડીની અધ્યક્ષતામાં જિલ્લા સેવા સદન, દાહોદ ખાતે યોજાઇ હતી. બેઠકમાં નેહરૂ યુવા કેન્દ્ર દ્વારા ગત વર્ષની કામગીરીની સમીક્ષા અને આગામી વર્ષ માટેના આયોજન બાબતે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. કલેક્ટરએ નેહરૂ યુવા કેન્દ્રના યુવાનોને દાહોદના ગામડાઓમાં કોરોના સાવચેતીને લઈને જનજાગૃતિ અભિયાન ચલાવવા જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, નેહરૂ યુવા કેન્દ્રના યુવાનોએ પોતાના કેન્દ્રના આસપાસના ગામોને કોરોના જાગૃતિ લાવવા માટે દત્તક લઈ લેવા જોઈએ અને એ ગામોમાં સઘન લોક જાગૃતિ ઝુંબેશ ચલાવવી જોઈએ. અત્યારે દાહોદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું પ્રમાણ સારૂ એવું નિયંત્રણમાં છે. ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાને નિયંત્રણમાં રાખવા માટે નેહરૂ યુવા કેન્દ્રના યુવાનો મહત્વની ભૂમિકા ભજવી શકે છે. ખાસ કરીને માસ્ક પહેરવા માટેની અગત્યતા, સામાજિક અંતર જાળવવાની જરૂરીયાત અને સેનેટાઈઝર જેવી બાબતોને લોકો રોજિંદા નિયમની જેમ અપનાવી લે એ દિશામાં યુવાનોએ વ્યાપક પ્રચારપ્રસાર કરવો જરૂરી છે. આ માટે આરોગ્ય વિભાગ તેમજ અન્ય વિભાગો સાથે સંકલન સાધીને તેમનો પણ સહયોગ લેવો જોઈએ જેથી વધુ સારા પરિણામો મળી શકે.

બેઠકમાં નેહરૂ યુવા કેન્દ્રના જિલ્લા યુવા સંયોજક અજીત જૈને વાર્ષિક આયોજન અંગે વિગતવાર માહિતી આપી હતી. બેઠકમાં અધિકારીઓ તેમજ નેહરૂ યુવા કેન્દ્ર સાથે જોડાયેલા સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

# ધાનપુરના કાલીયાવાડ ગામે હેન્ડપંપ ઉપર પાણી ભરવા બાબતે મારમારી થતાં એકનું મોત

ધાનપુર,

ધાનપુર તાલુકાના કાલીવાડ ગામે હેન્ડપંપ ઉપરથી પાણી ભરવા મામલે ઝઘડા તકરારમાં એકે લાકડી તથા પથ્થરો વડે માથાના ભાગે, છાતીના ભાગે તથા બરડાના ભાગે માર મારી લોહી લુહાણ કરી એકને મોતને ઘાટ ઉતારી દેતા પંથકમાં ચકચાર મચી જવા પામ્યો હતો. ઘટનાને સંદર્ભે પોલીસ પણ સ્થળ પર દોડી આવી આરોપીની ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે ત્યારે આ મોતન પગલે પરિવારમાં આક્રંદનો માહોલ છવાઈ ગયો હતો.

ધાનપુર તાલુકાના કાલીયાવાડ સંગાડ ફળિયામાં રહેતો બાબુભાઈ મગનભાઈ સંગાડે ગત તા.૧૮મી ઓક્ટોબરના રોજ પોતાના જ ફળિયામાં રહેતા જીથરાભાઈ વિરાભાઈ સંગાડ સાથે ઝઘડો તકરાર કર્યો હતો અને કહેવા લાગેલ કે, તું મારા ઘરની પાછળ આવેલ પાણીના હેન્ડપંપ ઉપરથી પાણી કેમ ભરવા આવે છે, તારે પાણી ભરવા આવવાનું નહીં, તું તારૂ ઘર બીજી જગ્યાએ લઈને જતો રહેજે તેમ કહી બેફામ ગાળો, બોલી એકદમ ઉશ્કેરાઈ જઈ જીથરાભાઈને કપાળના પથ્થર વડે તેમજ લાકડી વડે છાતીના ભાગે અને બરડાના ભાગે માર મારી લોહીલુહાણ કરી ગંભીર ઈજાઓ પહોંચાડતા ગંભીર ઈજાગ્રસ્ત જીથરાભાઈના પ્રાણપંખેરૂ ઘટના સ્થળે જ ઉડી ગયા હતા. ઘટનાને પગલે મૃતક જીથરાભાઈના ઘર તરફ લોકટોળા ઉમટી પડ્યા હતા અને પરિવારજનોનો પણ દોડી આવતાં આક્રંદ વ્યાપી જવા પામ્યો હતો. આ સમગ્ર મામલે જીથરાભાઈના ભાઈ વસનાભાઈ વિરાભાઈ સંગોડે ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે બાબુભાઈ મગનભાઈ સંગોડ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સંજેલી તાલુકાના વાંસીયા ગામે ફોર વ્હીલ ચાલકે બાઈકને અડફેટમાં લેતાં બે બાળકો સહીત ત્રણને ઈજાઓ

સંજેલી,

સંજેલી તાલુકાના વાસીયા ગામે એક ફોર વ્હીલરના ચાલકે એક મોટરસાઈકલ પર સવારે બે બાળકો સહિત ચાલકને અડફેટમાં લેતાં ત્રણેય જણાને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ફોર વ્હીલર ગાડીનો ચાલક નાસી ગયાનું જાણવા મળે છે.

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં માંડલી ગામે રહેતા મહેશભાઈ તેરસીંગભાઈ ચંદાણા પોતાની સાથે ૦૮ વર્ષીય સ્મિત અને ૧૨ વર્ષીય હેતલબેનને લઈ મોટરસાઈકલ પર સવાર થઈ દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના વાસીયા ગામેથી ક્રોસીંગ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમ્યાન એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી મહેશભાઈની મોટરસાઈકલને અડફેટમાં લેતા બે બાળકો સાથે મહેશભાઈ જમીન પર ફંગોળાયા હતા અને જેને પગલે ત્રણેયને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ થતાં તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ સંબંધે ઈજાગ્રસ્ત મહેશભાઈ તેરસીંગભાઈ ચંદાણાએ સંજેલી પોલીસ મથકે ફોર વ્હીલર ગાડીના ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં આજે ૦૯ કોરોના પોઝીટીવ કેસો નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૦૯ કોરોના પોઝીટીવ દર્દીઓના સમાવેશ સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૭૪૧ ને પાર થવા પામ્યો છે ત્યારે એક્ટીવ કેસ ૭૧ રહેવા પામ્યા છે. દાહોદમાં છેલ્લા કેટલાક મહિનાઓથી કોરોના પોઝીટીવ કેસોની સંખ્યામાં ઘટાડો નોંધાતા આરોગ્ય તંત્ર તેમજ જિલ્લાવાસીઓએ રાહત અનુભવી છે. આર.ટી.પી.સી.આર.ના ૧૭૫ પૈકી આજે એકેય કોરોના પોઝીટીવ કેસ નોંધાયો નથી ત્યારે રેપિટ ટેસ્ટના ૧૨૭૮ પૈકી ૦૯ કોરોના પોઝીટીવ કેસો નોંધાવા પામ્યા છે. આ ૦૯ કોરોના પોઝીટીવ કેસો પૈકી દાહોદમાંથી ૦૪, ઝાલોદમાંથી ૦૪ અને ગરબાડામાંથી ૦૧ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૦૫ દર્દીઓએ કોરોના સામે જંગ જીતી હોસ્પિટલમાંથી રજા લેતા એક્ટીવ કેસની સંખ્યા ૭૧ રહેવા પામી છે. દાહોદ જિલ્લામાં કોરોનાથી અત્યાર સુધી ૭૪ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

# દાહોદના GSRTC ડ્રાઈવર પરીક્ષાર્થીઓ દ્વારા પરીક્ષા પૂર્ણ કરવા કલેકટરને આવેદન આપ્યું

દાહોદ,

જી.એસ.આર.ટી.સી. ડ્રાઈવરની ૨૨૪૯ ભરતી પ્રક્રિયા પુર્ણ કરવા તથા બાકી રહેલી ૨૪.૦૨.૨૦૨૦ની પરીક્ષા પુર્ણ કરવા બાબતે દાહોદના જી.એસ.આર.ટી.સી. ડ્રાઈવર પરીક્ષાર્થીઓ દ્વારા દાહોદ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી. આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, કોરોના વૈશ્વિક મહામારીને કારણે અટકી ગયેલ ભરતી પ્રક્રિયા પુર્ણ કરવા તેમજ ૨૪.૦૨.૨૦૨૦ ના રોજ પરીક્ષા બાકી રહેલ છે તો તે પ્રક્રિયા પણ પુર્ણ કરવા અને જેમની પરીક્ષા ૧૦ માસ અગાઉ પુર્ણ થયેલ છે તો આ એક દિવસની પરીક્ષા પુર્ણ કરીને જી.એસ.આર.ટી.સી.ના ડ્રાઈવર ૨૦૧૯/૨૦૨૦ની ભરતી પુર્ણ કરવા કલેકટરને આવેદનપત્ર આપી વિનંતી કરી હતી. વધુમાં જણાવ્યા અનુસાર, આ ભરતી પ્રક્રિયા વહેલી તકે પુર્ણ કરી નિરાકરણ લાવવામાં નહીં આવે તો આ જી.એસ.આર.ટી.સી.ના ડ્રાઈવરો એકઠા થઈ ધરણાં પ્રદર્શન કરવાની તેમજ વાહન વ્યવહાર મંત્રીને રજુઆત કરવાની પણ ચીમકી ઉચ્ચારી હતી.

# મૂલ્યવર્ધિત ખેતી અને એગ્રોપ્રોસેસીંગ થકી દાહોદ દેશ વિદેશમાં ડંકો વગાડી શકે છે



દાહોદ,

જિલ્લા સેવા સદન, દાહોદ ખાતે કલેક્ટર વિજય ખરાડીની અધ્યક્ષતામાં ડિસ્ટ્રીક્ટ એક્સપોર્ટ પ્રમોશન કમિટિની બેઠક ઓનલાઈન પ્લેટફોર્મના માધ્યમથી યોજાઇ હતી. કલેક્ટરએ વિવિધ વિભાગોના અધિકારીઓને જિલ્લામાં ઉચ્ચ ગુણવત્તાવાળા ખેતપાક થઇ રહ્યા હોય તેમની એક્સપોર્ટ વધે તે માટે સઘન કામગીરી કરવા જણાવ્યું હતું.

દાહોદમાં ખેતીના ક્ષેત્રમાં એક્સપોર્ટના વિકાસની બહોળી શક્યતાઓ છે. જિલ્લામાં સોયાબીન અને મકાઈના ખૂબ ઊંચી ગુણવત્તાના પાક થાય છે. તેમના એક્સપોર્ટ બાબતે જરૂરી પગલા લેવામાં આવે તો ખેડૂતોને ખૂબ મોટો ફાયદો થઈ શકે છે. જિલ્લામાં ફૂલોની ખેતી પણ ખૂબ જ વિકસી છે. ત્યારે ગુલાબ વગેરેના પાકમાં વેલ્યુ એડીશન કરવામાં આવે જેમ કે ગુલાબનું પરફ્યુમ કે ગુલાબજલ તેમનું યોગ્ય પેકિજિંગ, સ્ટોરેજ વગેરેની ઈન્ડસ્ટ્રી વિકસાવવામાં આવે તો ખેડૂતોને મોટો ફાયદો થઇ શકે છે અને મોટા પ્રમાણમાં એક્સપોર્ટ પણ કરી શકાશે. દાહોદમાં ખેડૂતો બાગાયાતી પાક અપનાવી રહ્યાં છે અને તેનું ઉત્પાદન અને ગુણવત્તા પણ ખૂબ સારી હોય છે. આદુ, હળદર વગેરે પાકો અન્ય જિલ્લાઓની સરખામણીમાં ઉચ્ચ ગુણવત્તાવાળા હોય તેમના સ્ટોરેજ, પ્રોસેસીગ, વેલ્યુએડીશન કરવામાં આવે તો દાહોદ ખેતીપેદાશોમાં એક્સપોર્ટની મોટી તકો રહેલી છે.

બેઠકમાં જિલ્લા બાગાયાતી અધિકારી પારેખે જિલ્લામાં સોયાબીન, મકાઇ વગેરે ઉચ્ચ ગુણવત્તાના થતા હોય તેમના જીયો ટેગીગ કરવા બાબતની વાત જણાવી હતી. બેઠકમાં જિલ્લા ઉધોગ કેન્દ્રના જનરલ મેનેજર, ખેતીવાડી અધિકારી સુથાર સહિતના અધિકારીઓ ઓનલાઈન માધ્યમથી જોડાયા હતા.

# દાહોદ જીલ્લા સહકારી સંઘની ચેરમેન અને વાઈસ ચેરમેન બિન હરીફ ચૂંટાયા

દાહોદ,

દાહોદ જિલ્લા સહકારી સંઘની ગતરોજ ચુંટણીનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ ચુંટણીમાં ચેરમેન, વાઈસ ચેરમેન તેમજ માનદમંત્રી બિનહરીફ ચુંટાઈ આવ્યા હતા.

દાહોદ પ્રાંત અધિકારીની ઉપસ્થિતીમાં ગત તારીખ ૧૯મી ઓક્ટોબરના રોજ દાહોદ જિલ્લા સહકારી સંઘની ચુંટણી દાહોદ ખાતે યોજવામાં આવી હતી. આ ચુંટણીમાં ચેરમેન તરીકે કલસીંગભાઈ મેડા, વાઈસ ચેરમેન તરીકે કિશોરભાઈ તાવીયાડ અને માનદમંત્રી તરીકે ગોપાળભાઈ ધાનકા ચુંટાઈ આવ્યા હતા. આવનાર પાંચ વર્ષો દરમ્યાન દાહોદ જિલ્લામાં સહકારી પ્રવૃતિઓ ધમધમતી રહે અને તે માટે દરેક તાલુકા દીઠ પણ સંગઠન કરવામાં આવશે અને સહકારી પ્રવૃતિઓ જે અત્યારે પડી ભાંગી છે તેને પુનઃ જીવીત કરવા માટે તમામ પ્રયત્નો કરવામાં આવશે તેમ ચેરમેન કલસીંગભાઈ મેડાએ જણાવ્યું હતુ.

# દાહોદમાં કથીરીયા બજારમાં મકાનના બાંધકામ દરમ્યાન દિવાળ પડતા બે મજુરો દબાઈ જતાં ગંભીર ઈજાઓ

દાહોદ,

દાહોદ શહેરમાં કથીરીયા બજાર સ્થિત એક મકાનનું બાંધકામ ચાલતું હોય આ દરમ્યાન કામ કરતાં મજુરો ઉપર એક દિવાલ ઓચિંતી ધરાશાહી થઈ જતાં દિવાલની નીચે બે જેટલા મજુરો દબાઈ જતાં ગંભીર રીતે ઘાયલ આ બંન્ને મજુરોની દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

મળતી પ્રાપ્ત વિગતો અનુસાર, દાહોદ શહેરના કથિરીયા બજારમાં એક વ્યકિતના જુના મકાનના બાંધકામમાં કેટલાક મજુરી કામ કરી રહ્યા હતા અને દિવાલને તોડવાની કામગીરી કરી રહ્યા હતા. આ સમયે જોતજોતામાં એક દિવાલ ધરાશાહી થઈ જતાં કામ કરી રહેલા મજુરો પૈકી બે મજુરો પર આ દિવાલ પડતાંની સાથે જ બંન્ને મજુરો ઘાયલ થયા હતા. ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને દિવાલની નીચે દબાઈ ગયેલા બંન્ને મજુરોને ઘાયલ અવસ્થામાં બહાર કાઢ્યા હતા. બનાવની જાણ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલંશ સેવા તેમજ પોલીસને કરાતાં તેઓ પણ સ્થળ પર દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત બંન્ને મજુરોને ૧૦૮ મારફતે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાથી આ વિસ્તારમાં લોકટોળા પણ ઉમટી પડ્યા હતા. સમગ્ર મામલે પોલીસ તલસ્પર્શી તપાસ હાથ ધરી રહી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

# દાહોદ પરેલ વિસ્તારની પરણિતાને પતિ અને સાસરીયા દ્વારા ત્રાસ આપતાં ફરિયાદ

ગરબાડા,

ગરબાડા તાલુકામાં રહેતી અને દાહોદ શહેરના પરેલ વિસ્તારમાં એક યુવક સાથે સમાજના રિતી રિવાજ મુજબ લગ્ન કરાવેલ પરણિતાને પતિ, સાસુ-સસરા દ્વારા વાંઝણી કહી, શારિરીક તેમજ માનસીક ત્રાસ આપી, મારઝુડ પણ પતિ દ્વારા બીજી પત્નિ લઈ આવી પરણિતાને પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકતા આ સંદર્ભે પ્રથમ પત્નિએ દાહોદ મહિલા પોલીસ મથકે ન્યાયની ગુહાર માટે દરવાજા ખટખટાવટા પોલીસે પતિ સહિત સાસરીયાઓ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસનો ધમધમાટ આરંભ કર્યા છે.

ગરબાડા તાલુકાના જામ્બા ગામે હવેલી ફળિયામાં રહેતી ૨૯ વર્ષીય શીતલબેન પ્રવિણભાઈ પરમારના લગ્ન દશ વર્ષ અગાઉ સમાજના રિતી રિવાજ મુજબ દાહોદ શહેરના પરેલ વિસ્તારમાં પ્રેમનગર સોસાયટીમાં રહેતા પ્રવિણભાઈ લલ્લુસિંહ પરમાર સાથે થયા હતા. લગ્નના થોડા સમય સુધી શીતલબેનને સારૂ રાખ્યું હતુ પરંતુ લગ્ન જીવન દરમ્યાન સંતાન પ્રાપ્તિ ન થતાં શીતલબેનને પતિ પ્રવિણભાઈ, સસરા લલ્લુસિંહ, સાસુ ચંપાબેન લલ્લુ તેમજ પ્રવિણ દ્વારા પહેલી પત્નિ લઈ આવેલ સંગીતાબેન પ્રવિણભાઈ ચારેય જાતે પરમારનાઓએ શીતલબેનને અવાર નવાર મેણા ટોણા મારી, તું વાંઝણી છે, તને છોકરા થવાના નથી, તેમ કહી મારઝુડ કરી શારિરીક તેમજ માનસીક ત્રાસ આપી, મારી નાંખવાની પણ ધમકી આપતાં હતા અને પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકતા શીતલબેન છેલ્લા કેટલાક સમયથી પોતાના પીયર ગરબાડા મુકામે રહેતી આવી રહી છે. આવા અમાનુષી ત્રાસથી વાજ આવી અને ન્યાય મેળવવા માટે શીતલબેન પ્રવિણભાઈ પરમારે મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પતિ તથા સાસરીયાઓ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.

# રેલ્વે વિભાગ દ્વારા બોનસની જાહેરાત ન કરતા રતલામ મંડળના કર્મચારીઓ દ્વારા વિરોધ કરાશે

દાહોદ,

વર્ષ-૧૯/૨૦ના બોનસની અત્યાર સુધી જાહેરાત નહિ કરવામાં આવતા રેલ્વે કર્મચારીઓમાં રોષની લાગણી જોવા મળી રહી છે. તા.૨૨ની સુધી જો રેલ્વે કોઈ નિર્ણય નહિ લે તો દાહોદ શહેર સાથે આખા રતલામ મંડળના ૧૩,૯૭૫ રેલ્વે કર્મચારીઓ વિરોધ પ્રદર્શન કરશે તેવુ જાણવા મળ્યુ છે. આ માટે વેસ્ટર્ન રેલ્વે એમ્પ્લોઈઝ યુનિયન અને મજદુર સંઘે તૈયારીઓ પણ કરી લીધી છે. દર વર્ષે રેલ્વે નવરાત્રિમાં બોનસ આપી દે છે પરંતુ આ વખતે મંત્રાલયથી આદેશ આવ્યો નથી. જો કે જાણવા મળ્યુ છે કે, આદેશ ભલે નથી થયો પરંતુ એકાઉન્ટ વિભાગ પોતાની તૈયારી કરીને બેઠુ છે. જાહેરાત થવા સાથે જ ફોર્મ્યુલા મુજબ બે દિવસમાં બોનસ ચઢાવી કર્મચારીઓના બેંકના ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર કરી દેવામાં આવશે. જો બોનસની જાહેરાત નહિ કરાય તો રેલ્વે પ્રબંધ કાર્યાલય સાથે ડીઝલ શેડ, રેલ્વે હોસ્પિટલ, સ્ટેશન સહિત મંડળના તમામ સ્ટેશનો ઉપર પ્રદર્શન કરવાની રણનિતી તૈયાર કરવામાં આવી હોવાનુ જાણવા મળ્યુ છે.

## (પાન નં.૧ નું ચાલુ)

### કોરોના વેક્સીન મામલે.....

દેશો માટે કોવિડ ૧૯ દવાઓના નિર્માણ અને તેની આયાતને સરળ બનાવવા માટે બૌદ્ધિક સંપદા નિયમોમાં થોડા સમય રાહત આપવી જોઈએ.

આ સંબંધમાં ભારત અને દક્ષિણ આફ્રિકાએ ડબલ્યુટીઓને પત્ર પણ લખ્યો હતો. ૨ ઓક્ટોબરના રોજ લખવામાં આવેલા પત્રમાં બંને દેશોએ ડબલ્યુટીઓથી બૌદ્ધિક સંપદાના વ્યાપાર સંબંધિત પાસાઓ પર સમૂજતીના મામલે છૂટ આપવાનું આહવાન કર્યું હતું. તે વૈશ્વિક સ્તર પર પેટન્ટ, ટ્રેડમાર્ક, કોપીરાઈટ અને અન્ય બૌદ્ધિક સંપદાના નિયમોને નિયંત્રિત કરે છે. ડબલ્યુટીઓની વેબસાઈટ પર પ્રકાશિત પત્રમાં કહેવામાં આવ્યું હતુ કે, નવા ડાયગ્નોસ્ટિકના રૂપમાં કોરોના વાયરસ માટે મેડિકલ વ્યવસ્થા અને વેક્સીન વિકસિત કરવામાં આવી છે. આ ક્ષેત્રમાં અનેક પ્રકારની ચિંતાઓ પણ છે. જેમ કે કેવી રીતે જલ્દીથી પૂરતી માત્રામાં અને વૈશ્વિક માંગને પહોંચી વળવા સસ્તા ભાવે વેક્સીન પુરી પાડવામાં આવે?

### ફી ઘટાડા મુદ્દે હવે કોલેજોના.....

થયેલ ફી વધારા સહિતની બાબતોને ધ્યાનમા રાખતા હવે ફી ઘટાડો ન કરી શકવાનું સચાલકોનું સ્પષ્ટ કહેવુ છે.

જો કે ઘણી કોલેજો તો વિદ્યાર્થીઓ જ ન મળતા પહેલેથી બંધ કરવી પડી તેવી સ્થિતિમાં છે ત્યારે ફી ઘટાડો થાય તો દૂરની વાત છે. જ્યારે મોટી ટેકનિકલ કોલેજો અને યુનિ.ઓ પણ ફી ઘટાડવા તૈયાર નથી ત્યારે હાલ તો સરકારે હવે સંચાલક મંડળોને મનાવવા પડે તેવી સ્થિતિ છે. એક બાજુ સ્કૂલોમાં ૨૫ ટકા ફી ઘટયા બાદ કોલેજોમા પણ ફી ઘટાડાની ઉગ્ર માંગ ઉઠી છે ત્યારે સરકારે હવે આ મુદ્દે પણ નિર્ણય કરવો પડે તેમ છે.પરંતુ સ્કૂલ સંચાલકોને જેમ કોલેજ સંચાલકો પણ અંત તૈયાર થશે કે કેમ તે પ્રશ્ન છે. બીજી બાજુ નવેમ્બરમાં રેગ્યુલર કોલેજો શરૂ થાય ત્યારે નવી ફી ભરવાની થતા વાલીઓ પણ રાહ જોઈને બેઠા છે કે ક્યારે ફી ઘટાડાનો નિર્ણય આવશે.

# દે.બારીઆમાં કોરોના કાળમાં રવિવારે ધંધા રોજગાર બંધ રાખી દવા છંટકાવ કરાય તેવી માંગ

દે.બારીઆ,

દે.બારીઆ નગરમાં દિનપ્રતિદિન વધતા જતા કોરોના સંક્રમણના કેસોમાં વધારો નોંધાવવાને કારણે નગરજનોમાં ફફડાટ જોવા મળ્યો હતો.

સોશિયલ ડિસ્ટન્સ અને માસ્ક વિના ફરતા અનેક લોકો રવિવારના દિવસે વાણિજ્ય વેપાર બંધ રાખવાનો કલેકટરનો હુકમ કર્યા હોવા છતાં કેટલાંક વેપારીઓ દ્વારા દુકાનો ખુલ્લી રાખેલી હોય છે. અને અન્ય જાગૃત વેપારીઓમાં લાપરવાહી બાબતે રોષ જોવા મળ્યો હતો. જયારે રવિવારે વેપાર-ધંધા બંધ કરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરવા માંગ કરી હતી.

# પંજાબ વિધાનસભામાં નવા કૃષિ બિલ વિરુદ્ધ પ્રસ્તાવ કરાયો રજુ



ચંદીગઢ,

પંજાબ વિધાનસભામાં મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે મંગળવારે કેન્દ્ર સરકારના કૃષિ બિલો અને પ્રસ્તાવિત ઈલેક્ટ્રિસિટી(અમેન્ડમેન્ટ) બિલ વિરુદ્ધ પ્રસ્તાવ(રિઝોલ્યૂશન)રજુ કર્યું. મુખ્યમંત્રીએ કહ્યું કે, કેન્દ્રના ત્રણ કૃષિ બિલ અને પ્રસ્તાવિત ઈલેક્ટ્રિસિટી બિલ ખેડૂતો અને જમીન વગરના મજૂરોના હિતોના વિરુદ્ધ છે. કેન્દ્રના બિલો વિરુદ્ધ અમરિંદર સરકારે પોતાના ૩ બિલ રજુ કર્યા. અમરિંદરે કહ્યું કે, ઓપરેશન બ્લૂ સ્ટારના સમયે પણ મેં પદ છોડી દીધું હતું. મને રાજીનામું આપવાની બીક નથી લાગતી, હું તો રાજીનામું ખિસ્સામાં લઈને ફરું છું. સરકાર બરતરફ થવાની બીક નથી,પણ ખેડૂતોને હેરાન નહીં થવા દઉં, ન્યાય માટે લડીશ. અમરિંદરે કેન્દ્રના કાયદા અંગે કહ્યું કે, જો કેન્દ્ર સરકારે તેમના કૃષિ કાયદાને રદ કરવામાં નહીં આવે તો નવયુવાનો, ખેડૂતો સાથે મળીને રસ્તા પર ઉતરી શકે છે, જેનાથી નાસ ભાગ મચી શકે છે. આ સમયે ચીન અને પાકિસ્તાન એક છે અને તે પંજાબના આ જ માહોલને ખરાબ કરવામાં કંઈ બાકી નહીં રાખે, એટલા માટે પોતાના કૃષિ કાયદાને રદ કરી દેવા જોઈએ.

પંજાબ સરકારે આ ત્રણ બિલ રજુ કર્યા

ફાર્મર્સ પ્રોડ્યુસ ટ્રેડ એન્ડ કોમર્સ(પ્રમોશન એન્ડ ફેસિલિટેશન) સ્પેશિયલ પ્રોવિજન્સ એન્ડ પંજાબ અમેન્ડમેન્ટ બિલ

ધ એસેન્શિયલ કમોડિટીઝ(સ્પેશિયલ પ્રોવિજન્સ એન્ડ પંજાબ અમેન્ડમેન્ટ) બિલ

ધ ફાર્મર્સ(એમ્પાવરમેન્ટ એન્ડ પ્રોટેકશન) એગ્રીમેન્ટ ઓન પ્રાઈસ એશ્યોરેન્સ એન્ડ ફાર્મ સર્વિસેજ(સ્પેશિયલ પ્રોવિજન્સ એન્ડ પંજાબ અમેન્ડમેન્ટ બિલ)

કૃષિ કાયદા અંગે બોલાવવામાં આવેલા પંજાબ વિધાનસભાના બે દિવસના વિશેષ સત્રના પહેલા દિવસે હાઈ વોલ્ટેજ ડ્રામા થયો હતો. અકાલી નેતા ટ્રેક્ટર અને આપના ધારાસભ્ય કાળાં કપડાં પહેરીને પહોંચ્યા હતા. રાજ્ય સરકાર તરફથી કૃષિ કાયદા વિરુદ્ધ લાવવામાં આવી રહેલા બિલની કોપી ન મળવાથી વિપક્ષે ઘણો હોબાળો કર્યો હતો, જેના વિરોધમાં આપના ધારાસભ્ય આખી રાત ગૃહમાં જ ધરણાં પર બેઠા રહ્યા હતા. સ્પીકરે કહ્યું હતું કે બિલમાં તમામ કાયદાકીય પાસાઓને ધ્યાનમાં રાખવામાં આવી રહ્યા છે. મંગળવારે બિલ ગૃહમાં રાખવામાં આવશે. સરકારનો પ્રયાસ છે કે બિલમાં એવો કોઈ કાયદાકીય પાસું ન રહી જાય, જેનાથી કોર્ટમાં મુશ્કેલી થાય. બિલ એટલા માટે પણ જરૂરી છે, કારણ કે એના આધારે જ યુપીએ અન્ય બિનભાજપ રાજ્યોમાં આવા બિલને પસાર કરવા માટે કહેશે. આ પહેલાં આપ ધારાસભ્ય હરપાલ ચીમા ધારાસભ્યો સાથે સરકાર વિરુદ્ધ નારાબાજી કરતાં સ્પીકર સામે આવ્યા અને બિલની કોપી માગી. અકાલી દળે પણ આપને સાથ આપ્યો.

જ્યારે બન્ને પક્ષનો હોબાળો અટક્યો નહીં તો સ્પીકરે કાર્યવાહી મંગળવાર સવારે ૧૦ વાગ્યા સુધી સ્થગિત કરી દીધી. તો આ તરફ કોપી ન મળવા અંગે આપ નેતાઓએ ગૃહની અંદર આખી રાત ધરણાં કર્યાં. આ પહેલા સત્રની શરૂઆત શહીદોને શ્રદ્ધાંજલિ આપીને થઈ હતી.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 52

## ગુજરાત પ્રદુષણ કંટ્રોલ બોર્ડની પરમીશન વગર

# કાલોલ તાલુકાના વરવાડા પાસે ગેરકાયદેસર ચાલતા ત્રણ ઈંટોના ભઠ્ઠાઓને પ્રાંત અધિકારી દ્વારા સીલ કરાયા





તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

- ગુજરાત પ્રદુષણ બોર્ડની મંજુરી વગર ગેરકાયદેસર રીતે ભઠ્ઠાઓ ચાલતા હતા.
- પ્રાંત અધિકારી, મામલતદાર દ્વારા કાર્યવાહી કરાઈ.
- ઈંટોના ભઠ્ઠાવાળી જગ્યાને પાંચ દિવસમાં સમતલ કરવાનો આદેશ કરાયો.
- ગેરકાયદેસર ઈંટોના ભઠ્ઠાઓ અપાયેલ વીજ મીટરો હાલોલ રૂલર એમજીવીસીએલ દ્વારા ઉતારી લેવામાં આવ્યા.
- પરવાનગી વગર ચાલતા ઈંટોના ભઠ્ઠાઓમાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા કનેકશન કેવી રીતે આપ્યા હશે તેવી ચર્ચાઓ.

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં અનેક ગેરકાયદેસર ઈંટોના ભઠ્ઠાઓ ધમધમી રહ્યા છે. તેમાં માત્ર કાલોલ તાલુકામાં ૧૫૦ ઉપરાંત કોઈપણ જાતના પરવાના વગર ચાલતા ગેરકાયદેસર ભઠ્ઠાઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી તાલુકા મામલતદાર દ્વારા ત્રણ ઈંટોના ભઠ્ઠાઓ સીલ કરવામાં આવતા ગેરકાયદેસર ઈંટોના ભઠ્ઠાઓ ચલાવતા સંચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

પંચમહાલ જિલ્લાના હાલોલ, કાલોલ, ઘોઘંબા વિસ્તારમાં મોટા પ્રમાણમાં ગેરકાયદેસર રીતે ઈંટોના ભઠ્ઠાઓ ધમધમી રહ્યા છે. ગેરકાયદેસર રીતે કોઈપણ જાતની પરમીશન વગર ઈંટોના ભઠ્ઠાઓને શરૂ કરી દેવામાં આવ્યા છે. આવા ગેરકાયદેસર ભઠ્ઠાઓને લઈને ખેતીલાયક ફળદ્રુપ જમીન બિન ઉપયોગી બની રહી છે. તેમ છતાં ખાણ ખનીજ વિભાગ–ગુજરાત પ્રદુષણ કંટ્રોલ બોર્ડ દ્વારા કાર્યવાહી કરવામાં આવતી ન હોવાથી આવા ગેરકાયદેસર રીતે ધમધમતા ઈંટોના ભઠ્ઠાના સંચાલકોમાં બેફામ બન્યા હતા ત્યારે આજરોજ કાલોલ તાલુકાના વરવાડા રોડ પર ચાલતા ત્રણ ગેરકાયદેસર ઈંટોના ભઠ્ઠાઓ મહાન બ્રિક્સ, એમ.બી.૧ મહાન બ્રિક્સ, ભારત બ્રિક્સ ઉપર પ્રાંત અધિકારી, કાલોલ ઈન્ચાર્જ મામલતદાર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. છેલ્લા ચાર વર્ષ ઉપરાંતના સમયગાળાથી ધમધમી રહેલા ગેરકાયદેસર ઈંટોના ભઠ્ઠાઓ અંગે મધ્ય ગુજરાત વીજકપંનીને જાણ કરવામાં આવી હતી. એમજીવીસીએલ દ્વારા તાત્કાલિક ઈંટોના ભઠ્ઠાઓમાંથી વીજ મીટરો ઉતારી લેવામાં આવ્યા હતા. એક તરફ ઈંટોના ભઠ્ઠાઓ ગેરકાયદેસર રીતે કોઈપણ જાતના પરમીટ વગર ચાલી રહ્યા હતા તેમ છતાં ઈંટોના ભઠ્ઠાઓમાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા વીજ કનેકશન કેવી રીતે આપવામાં આવ્યો હશે ? તેવા અનેક પ્રશ્નો ઉભા થયા છે.

કાલોલના વરવાડા રોડ પર ચાલતા ત્રણ ગેરકાયદેસર ઈંટોના ભઠ્ઠાઓ ઉપર પ્રાંત અધિકારી, ઈન્ચાર્જ મામલતદાર દ્વારા કાયદેસર કાર્યવાહી કરીને ત્રણેય ઈંટોના ભઠ્ઠાઓ સીલ કરવામાં આવ્યા છે. સાથે સીલ કરવામાં આવેલ ગેરકાયદેસર ઈંટોના ભઠ્ઠાઓના સંચાલકોને પાંચ દિવસમાં ઈંટોના ભઠ્ઠાઓવાળી જમીન સમતળ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. કાલોલ તાલુકામાં ગેરકાયદેસર ઈંટોના ભઠ્ઠાઓ સીલ કરવામાં આવતા જિલ્લામાં ચાલતા અન્ય ગેરકાયદેસર ઈંટોના ભઠ્ઠાના સંચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. કાલોલ તાલુકામાં જે રીતે વહીવટી તંત્ર દ્વારા ગેરકાયદેસર ઈંટોના ભઠ્ઠાઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે તે પ્રમાણે અન્ય તાલુકામાં ધમધમતા ગેરકાયદેસર ઈંટોના ભઠ્ઠાઓ ઉપર કાર્યવાહી કરવામાં આવશે ખરી ?

### GPCBના અધિકારીઓની જગ્યાએ SDM અને મામલતદાર પહોંચ્યા

કાલોલના વરવાડા રોડ ઉપર ચાલતા ઈંટોના ભઠ્ઠાઓ ચલાવવા માટે સંચાલકો દ્વારા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ (જી.પી.સી.બી.)ની પરવાનગી તેમજ અન્ય જરૂરી પરવાનગી લીધા વગર ગેરકાયદેસર રીતે ઈંટોનો ભઠ્ઠો ચલાવવામાં આવી રહ્યો હતો તેવુ ધ્યાનમાં આવતા પ્રાંત અધિકારી, ઈન્ચાર્જ મામલતદાર દ્વારા કાર્યવાહી કરાઈ.

### પ્રદુષણ બોર્ડનું પ્રમાણપત્ર ન મળતાં ઈંટોના ભઠ્ઠા સીલ

કાલોલ તાલુકાના વરવાડા રોડ ઉપર આવેલ મહાન બ્રિકસ, એમ.બી.૧ બ્રિકસ, ભારત બ્રિકસ ઉપર પ્રાંત અધિકારી અને કાલોલ ઈન્ચાર્જ મામલતદાર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અને ગેરકાયદેસ કોઈપણ જાતની પરવાનગી વગર ચાલતા ભઠ્ઠાઓને સીલ કરવામાં આવ્યા સાથે પાંચ દિવસમાં ઈંટોના ભઠ્ઠાવાળી જગ્યાને સમતળ કરવાનો આદેશ આપવામાં આવ્યો.

# હાલોલ-ગોધરા રોડ પર ફરસાણની દુકાનની પાછળ બોટલ રિફીલીંગના ધંધાનો પર્દાફાશ : એક વ્યકિતની અટકાયત

હાલોલ,

હાલોલ–ગોધરા રોડ પર આવેલ ફરસાણની દુકાન પાછળ એક ખાનગી કંપનીના ગેસ બોટલ રિફીલીંગ કરવાનુ ષડયંત્ર ગોધરા એસ.ઓ.જી.પોલીસે બે મોટા બોટલ મળી ગેસ રિફીલીંગ કરવાના સાધનો સાથે એક વ્યકિતની અટકાયત કરી હતી. હાલોલ પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે કાયદાકિય કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલોલ–ગોધરા રોડ ખાતે આવેલ ગોલુ ફરસાણ એન્ડ મિષ્ઠાણ ભંડારની પાછળ આવેલ એક દુકાનમાં ખાનગી કંપનીના ઘરેલુ વપરાશના એલ.પી.જી.ના ગેસના બોટલોમાંથી રિફીલીંગ કરી નાના બોટલમાં ગેસ ભરવાનુ ષડયંત્ર કરાતુ હોવાની બાતમી પંચમહાલ જિલ્લાની એસ.ઓ.જી.પોલીસને મળતા છાપો મારી એક વ્યકિત અજીતકુમાર વિરસિંહ બહાદુર સિંઘ(રહે.જયશ્રી કોલોની, ગોધરા રોડ, સાથરોટા, હાલોલ)ને ખાનગી કંપનીના ઘરેલુ વપરાશના એલ.પી.જી.ગેસના બોટલોમાંથી નોઝલ પ્રેશર પાઈપ દ્વારા રીફિલીંગ કરતા રંગેહાથે ઝડપી પાડ્યો હતો. જેમાં પોલીસને સ્થળ પરથી એક આખો ભરેલો એલપીજી ગેસનો ૧૫ કિ.ગ્રા.નો બોટલ તેમજ એક વપરાયેલ ૧૦ કિ.ગ્રા.નો ગેસનો બોટલ, એક ચાર લીટરનો નાનો સિલીન્ડરવાળો ગેસનો બોટલ, એક ઈલેકટ્રોનિક વજન કાંટો, તેમજ રિફીલીંગ કરવા માટે વાપરવામાં આવતુ નોઝલ પ્રેશર પાઈપ મળી આવ્યા હતા. પોલીસ દ્વારા રૂ.૪,૭૩૩ના મુદ્દામાલ સાથે અજીતકુમારની અટકાયત કરી હાલોલ ટાઉન પોલીસ મથકે લાવવામાં આવ્યો હતો. જ્યાં તેની સામે ખાનગી કંપનીના ગેસના બોટલને રિફીલીંગ કરી જાહેરમાં લોકોની જીંદગી જોખમાય તેવી રીતે સળગી ઉઠે એવા પદાર્થની નિષ્કાળજી દાખવી રીફિલીંગ કરવાની ફરિયાદ હાલોલ ટાઉન પોલીસ દ્વારા તેના આધારે કાયદાકિય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## પંચમહાલ જીલ્લામાં આજે ૧૭ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૬૬૩ થયો

- ૨૦ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૩૯.
- મૃત્યુ આંક ૧૧૬.

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૭ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૧૭ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૬૬૩ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૭ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં–૦૬, હાલોલ–૦૬, કાલોલ–૦૫ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## ગોધરાની ૧૨ વર્ષની દિકરીએ બળાત્કારીઓને ફાંસીની સજાની માંગ સાથે સહી ઝુંબેશ હાથ ધરી

ગોધરા,

ગોધરા શહેરની એક ૧૨ વર્ષની દિકરીએ રાષ્ટ્રપતિને અપીલ કરી ભારતીય કાનુનમાં બળાત્કારી સજા ફકતને ફકત ફાંસી હોવી જોઈએ તેવી માંગ કરી છે. માહિ નરેન્દ્રકુમાર પરમાર દ્વારા ગોધરા ખાતે કલેકટર કચેરી કમ્પાઉન્ડ બહાર એક અનોખી સહી ઝુંબેશ, મુહિમ ચલાવી હતી. તેને રાષ્ટ્રપતિને અપીલ કરતા જણાવ્યુ છે કે, ભારતીય કાનુનમાં બળાત્કારની સજા ફકતને ફકત ફાંસી જ હોવી જોઈએ. જેથી આવુ હિન કૃત્ય કરવાવાળાને કાયદાનો ડર રહે અને આવુ કૃત્ય કરતા લાખ વાર વિચાર કરશે. જેથી માહિ પરમાર દ્વારા તેઓની વાતથી સંમત હોય તેવા અન્ય જાગૃત નાગરિકોને રાષ્ટ્રપતિને મોકલવાની અરજી પર સહી ઝુંબેશ ચલાવાઈ હતી.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી રવેરી દૂધ ઉત્પાદક સે.સહ. મંડળી

મુ. રવેરી,
તા. ઘોઘંબા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

જે. આર. જાદવ

મુ. સાથરોટા,
તા. હાલોલ

# શહેરા તાલુકામાં મંડપ વ્યવસાય સાથે સંકળાયેલ ધંધાદારી દ્વારા પાલીકા ટાઉન હોલમાં મીટીંગ યોજી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકામા મંડપ વ્યવસાય સાથે સંકળાયેલા વ્યવસાયકારોની નગરપાલિકા ના ટાઉનહોલ મા મીંટીગ મળી હતી. જેમા ધંધા–રોજગાર ફરી થી શરૂ થાય તે માટે ની ચર્ચા કરવામા આવી હતી. સાથે તેવો આક્ષેપ પણ કરેલ કે સરકાર તેમની સાથે ઓરમાયુ વર્તન કરી રહયા હોવાનુ લાગી રહયુ છે.

શહેરા માં કોરોનાને કારણે લગ્નસીઝ અને નવરાત્રી બંધ રહેતા મંડપ ફરાસખાનાના વ્યવસાય કારો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. સાથે ડીજે અને બેન્ડ સહિતના વ્યવસાયને પણ સીધી અસર પહોચી હતી. નગર પાલિકા ના હોલ ખાતે મંડપ,ડેકોરેશન તેમજ બેન્ડ વાજા અને ડી જે ના વ્યવસાય કરનારાઓ એકત્ર થયા હતા. મંડપ ડેકોરેશન નો ધંધો ફરીથી રાબેતા મુજબ શરૂ થાય તે માટે ની ચર્ચા કરવા સાથે નવી એસોસિએશનની રચના કરી હતી. મંડપ ડેકોરેશન ના માલિક મનીષ ચૌહાણ જણાવવાનું કે બીજા બધા ધંધાને છુટછાટ આપવામા આવી છે.તો અમારા ધંધાને પણ છુટછાટ આપવામા આવે તેવી માંગ કરી હતી. અમે પણ આ સરકારને વોટ આપ્યા હતા. ત્યારે આ સરકાર અમારા ધંધા–રોજગાર શરૂ થાય તે માટે વિચારે તે અત્યંત જરૂરી છે. હાલ માં સરકાર અમારી સાથે ઓરમાયુ વર્તન કરી રહી છે. મંડપ ડેકોરેશનનો ધંધો બંધ રહેવાના કારણે જે લોકોને આનાથી રોજીરોટી મળી હતી તે લોકોને અત્યારની પરિસ્થિતિમાં ઘરનું ગુજરાત ચલાવુ દિવસેને દિવસે મુશ્કેલ બનતુ જઈ રહયું છે.

## ઘોઘંબાના વાંકોડ ગામના ૧૦૧ આવાસ લાભાર્થીઓના નામો યાદીમાંથી કમી કરાતા TDOને આવેદન

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના વાંકોડ ગામના ૧૦૧ આવાસ યોજનાના લાભાર્થીઓના નામ યાદીમાંથી ડિલીટ કરી દેવાના આક્ષેપ સાથે સ્થાનિકોએ તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી તપાસની માંગ કરી છે. ગામના ૩૮૫ લાભાર્થીઓ પૈકી ૧૦૧ લાભાર્થીઓના નામ ડિલીટ કરાયા હોવાના આક્ષેપ કરી મહિલાઓ સરપંચના ઘરે રજુઆત માટે પહોંચી જતા ત્યાં ચકમક ઝરી હતી જેનો વીડિયો સોશિયલ મીડિયામાં ખુબ વાયરલ થયો છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મકાન માટે પ્રતિવર્ષ લાભાર્થીઓની યાદી તૈયાર કરવામાં આવે છે. વાંકોડ ગામમાં આવાસ યોજનાની ૩૮૫ લાભાર્થીઓનો યાદીમાં સમાવેશ હતો. જે પૈકી ૧૦૧ લાભાર્થીઓના નામ યાદીમાંથી રિમુવ કરી દેવામાં આવ્યા હોવાની સ્થાનિકોને જાણ થતા તલાટીએ મિલીભગત કરી પોતાના નામ યાદીમાંથી ડિલીટ કર્યા હોવાના આક્ષેપો કરવા સાથે જ તપાસની માંગણી કરતુ આવેદનપત્ર ટી.ડી.ઓને આપ્યુ છે. જેમાં ગ્રામ પંચાયતના ઠરાવ બુકની નકલ પણ જોડવામાં આવી છે. જે અંગે પણ ગ્રામ પંચાયત સભ્યોની જાણ બહાર ઠરાવ કરી દેવામાં આવ્યો હોવાનો આક્ષેપ પણ કરાયો છે. નામ કેમ યાદીમાંથી ડિલીટ કર્યા એ તપાસ બાદ જાણી શકાશે. અને જે સાચા અને મેળવવા પાત્ર લાભાર્થીઓ હશે એમનો યાદીમાં સમાવેશ કરાશે. એમ ટી.ડી.ઓ.આર.કે.રાઠવાએ જણાવ્યુ હતુ.

## ગોધરા વ્હોરવાડ વિસ્તારમાં બાતમીના આધારે ચોરીના મોબાઈલ સાથે બે ઈસમોની ધરપકડ

ગોધરા,

ગોધરા એલ.સી.બી.પોલીસે બે શખ્સોની ચીલઝડપ ચોરીના મોબાઈલ ફોન સાથે શહેરના વ્હોરાવાડ વિસ્તારમાંથી બાતમીના આધારે ઝડપી પાડી કુલ રૂ.૩૦,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી વધુ પુછપરછ હાથ ધરી હતી.

ગોધરા એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, આજથી એકાદ મહિના પહેલા સાંજે ગોધરા લીલેસરા રોડ પર આવેલા એમ.એસ.ડી.વ્હોરા સ્કુલ પાસે એક ઈસમ તેના હાથમાં ફોન રાખી ફોન ઉપર વાત કરતા હતા તે વખતે અજાણ્યા શખ્સોએ બાઈક ઉપર આવી તે ઈસમના હાથમાંથી મોબાઈલ ફોન ખેંચી લઈ નાસી ગયેલાનો બનાવ બનેલો હતો. તે બનાવમાં મુસા કાસીમ મફત(રહે.સિગ્નલ ફળિયા, મેંદા પ્લોટ, ગોધરા)તથા તેનો મિત્ર સબરે ઐયુબ ઈસ્હાક સુંઠિયા(રહે.સિગ્નલ ફળિયા, ગોધરા)સંડોવાયેલા છે. ચોરીનો મોબાઈલ ફોન તેઓ બંને તેઓના કબ્જાની બાઈક પર બેસી વ્હોરવાડ વિસ્તારમાં ફરે છે તેવી ચોકકસ બાતમીના આધારે પોલીસે બાતમી મુજબના બંને શખ્સોને બાઈક અને ચોરના મોબાઈલ ફોન સાથે ઝડપી પાડી કુલ રૂ.૩૦,૦૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ વધુ પુછપરછ કરતા એકાદ મહિના અગાઉ બંને શખ્સોએ ભેગા મળી બાઈક પર બેસી લીલેસરા બાજુ ફરવા નીકળેલા તે વખતે સાંજના સમયે એક ઈસમ ફોન પર કોઈની સાથે વાત કરતો હતો તે વેળાએ બે શખ્સોએ બાઈક પર લુંટ કરી નાસી છુટ્યા હોવાની કબુલાત કરી હતી.

## ઘોઘંબાના સવાપુરા ગામમાં સરકારી જમીનમાં બાંધકામ કરવા બાબતે ૭૮ વર્ષિય વૃદ્ધ દ્વારા આમરણાંત ઉપવાસની ચિમકી

ઘોઘંબા,

ઘોઘંબાના સવાપુરા પંચાયતમાં આવેલ ગોઠ ગામે રહેતા સુરેશચંદ્ર પંચોલી ઉર્ફે કુવા(ઉ.વ.૭૮)ના ઘરની સામે એક વ્યકિત દ્વારા સરકારી જમીન ઉપર બાંધકામ કરી બહારનો ઓટલો બનાવતા કાયદેસર કાર્યવાહી હાથ ધરાય તે માટે ૧૪ વર્ષથી સરપંચ, ડે.સરપંચ, તથા તલાટીને વારંવાર રજુઆત કરાઈ હતી. પરંતુ કોઈ કાર્યવાહી ન કરાતા ઘોઘંબા મામ.કચેરી તથા તા.પં.માં ૫ દિવસથી ધક્કા ખાઈ રહ્યા છે. મીડિયા સમક્ષ પોતે આમરણાંત ઉપવાસ ઉપર જવાની તૈયારી બતાવતા અને આવેદન આપતા મામલતદારે પંચાયતને સ્થળ ચકાસણી કરવા જણાવી ગેરકાયદે બાંધકામ હશે તો તોડી પડાશે તેવી બાંહેધરી આપી હતી.